સમ્યક્ત્વ
જયંતિ
વિશેષાંક

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-


March 2025

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# પૂજ્ય બહેનશ્રીના ૯૩માં સમ્યક્ત્વ જયંતી દિને
# કોટિ કોટિ વંદન



પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની

## નિજાનંદવેદન સંબંધી નોંધ

### આનંદનો દિવસ

ઈ.સ. ૧૯૩૩
વાંકાનેર, સં. ૧૯૮૯
સાંજે ૩.૩૦ લગભગ

ફાગણ વદ દશમને સોમવારે બપોરે સામાયિકમાં નિજ સ્વરૂપ અનુભવાયું. અનંતકાળથી નહિ સમજાયેલું સ્વરૂપ સમજાયું. આનંદ સાગર ઊછળી રહ્યા હતા. તે સ્વરૂપ આશ્ચર્યકારી અને અદ્ભુત છે.

પરમ ઉપકારી પરમ પ્રતાપી સદ્ગુરુદેવને નમસ્કાર.

ફાગણ વદ દશમના માંગલિક દિવસે થયેલી

## સ્વાનુભૂતિ સંબંધી પૂ. બહેનશ્રીની નોંધ

### ફાગણ વદ દશમનો અપૂર્વ દિવસ

ઈ.સ. ૧૯૩૩
વાંકાનેર, સં. ૧૯૮૯ (ચૈત્ર માસે લખાયેલું)

સ્વસ્વરૂપનું લક્ષ આવતાં, ફાગણ વદ દશમને સોમવારે બપોરે જ્ઞાતાધારાની વૃદ્ધિ થતાં, તે સ્વરૂપનું ધ્યાન થતાં. તેમાં એકાગ્ર થતાં, તે સ્વરૂપમાં વેગ તીવ્રતાએ આવી ઉપયોગ પરલક્ષથી છૂટો પડી પોતાના સ્વસ્વરૂપમાં સ્થિર થઈ, ચૈતન્યભગવાન તે સ્વરૂપને અનુભવતા હતા. પોતાના નિર્વિકલ્પ સહજ સ્વરૂપમાં ખેલી રહ્યા હતા, રમી રહ્યા હતા. અનુપમ ને અદ્ભુત એવા આત્મદ્રવ્યની મહિમા કોઈ અપાર છે! ચૈતન્યદેવ આનંદ તરંગોમાં ડોલતા હતા.

અહા! અનંતકાળથી છુપાયેલા આત્મભગવાન પ્રગટ થયા; તેનો છુપાયેલો એવો અનુપમ અમૃતસ્વાદ વેદાયો, અનુભવાયો.

હે શ્રી સદ્ગુરુદેવ! તે આપનો જ પ્રતાપ છે.


અપૂર્વ આત્મસ્વરૂપ પ્રગટ્યું તે પરમકૃપાળુ સદ્ગુરુદેવનો જ પ્રતાપ છે.

ભારતખંડમાં અપૂર્વ મુક્તિમાર્ગ પ્રકાશનાર પરમ ઉપકારી ગુરુદેવને નમસ્કાર.

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૧ : અંક–૩૨૭, વર્ષ–૨૭, માર્ચ–૨૦૨૫


## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી 'પરમાગમસાર' માંથી ચુંટેલા 'કહાનરત્ન કિરણો'



રાગનો રાગ કરનારાને, પુણ્યનો રાગ કરનારાને, સ્ત્રી–પુત્રાદિનો રાગ કરનારાને ચૈતન્યનો પ્રેમ નથી, તે ચૈતન્યનો ખૂની છે. માયાજાળનો પ્રેમીલો શુદ્ધસ્વરૂપી ભગવાનનો ખૂની છે. તારા ચૈતન્યના ખજાનાને જોતાં તને ભાસશે કે જે ખજાને ખાલી છે એવા શુભાશુભમાં તું પડ્યો છે. ભાઈ ! તને મનુષ્યપણું મળ્યું છે ને ?– જો તું તારા આત્માને અનુભવે તો મનુષ્યપણું મળ્યું કહેવાય. નહીં તો મનુષ્યરૂપે ઢોર સમાન છે. ૫૯.

*

ભવ ને ભવના ભાવથી રહિત પ્રભુ છે, તેના સિવાય બીજે ક્યાંય ચેન પડે નહીં તેવી વસ્તુ છે. ચૈતન્યસ્વરૂપ એક જ ચેન પડે તેવી ચીજ છે તેથી તેને એકને જ અવલંબો. અહીં એકાંતે જ્ઞાયકસ્વભાવને જ અચળપણે અવલંબો તેમ કહ્યું છે. નિમિત્તનું દેવ–ગુરુ–શાસ્ત્રનું, રાગનું કે શુદ્ધ પર્યાયનું પણ અવલંબન લેવા કહ્યું નથી. ૬૦.

*

શુભાશુભના વિકલ્પોથી, રાગાદિના ભાવથી કે દ્રવ્યોના ભેદરૂપ વિચારથી તને શું લાભ છે ? એવા વિકલ્પોનું સાવધાની પૂર્વક પ્રતિપાલન એટલે કે આચરણ અને સ્મરણ તેનાથી તને કઈ કાર્યસિદ્ધિ થાય છે ? કોઈ કાર્યસિદ્ધિ થતી નથી. એક બાજુ ભગવાન આત્માનો અનુભવ છે ને બીજી બાજુ ભેદ–વિકલ્પો આદિ છે પણ તારે એ બીજી બાજુનું શું કામ છે ? અભેદ ચૈતન્યસ્વભાવનો અનુભવ થયો તેને દયા, દાન આદિ વિકલ્પોથી શું સિદ્ધિ છે ? અરે! દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ વિકલ્પોથી શું પ્રયોજન છે? તેના તરફનું સાવધાનપણું છોડ ! ૬૧.

*

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ્ય કેટલું ! – એમ અંદરમાં દેખે–પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય. વિકલ્પ તૂટ્યા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમા રહિત છે. અમર્યાદિત વસ્તુ છે, અક્ષય ને અમેય વસ્તુ છે. એ

વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધા પર્યાયની-જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ (પોતામાં) નથી. પરદ્રવ્ય પોતામાં નથી - એમ જાણી લ્યે છે. ૬૨.

*

અરે ! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂકા ઉડી જાય એવી આ વાત છે. ૬૩

*

શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે. એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છૂટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે. પણ ભાઈ ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ ? કોણ તારું ઓળખીતું હશે ? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે ! શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહીં ને ક્ષણમાં દેહ છૂટતા અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે માટે તારું કાંઈક કરી લે ! ૬૪.

*

પ્રશ્ન :- ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દષ્ટિને તો ભય થતો દેખાય છે ને તેનો ઉપાય પણ કરે છે ને ?

ઉત્તર :- સમ્યગ્દષ્ટિ અંતરમાં તો નિર્ભય જ છે, બાહ્યમાં ભયપ્રકૃતિમાં જોડાવાથી અસ્થિરતાનો જરી ભય દેખાય છે તોપણ અંતર સ્વરૂપમાં તો નિર્ભય જ છે. તેથી તે આલોક પરલોક આદિ સાતે પ્રકારના ભયથી રહિત નિર્ભય છે. ૬૫.

*

પ્રશ્ન :- વાંચન-શ્રવણ-મનન કરવાં છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી ?

ઉત્તર :- વાંચન આદિ તો બધું બહિર્મુખ છે ને આત્મવસ્તુ આખી અંતર્મુખ છે. એથી એને અંતર્મુખ થવું જોઈએ. પરને જાણવાનો ઉપયોગ સ્થૂલ છે તેને સૂક્ષ્મ કરી અંતર્મુખ કરવાનો છે. અંતરમાં ઊંડાણમાં જાય તો અનુભવ થાય. જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક છું, ધ્રુવ છું એવા અંતરમાં સંસ્કાર નાખે તો આત્માનું લક્ષ થઈને અનુભવ થાય જ. ૬૬.

*

પ્રશ્ન :- શાસ્ત્ર દ્વારા મનથી આત્મા જાણ્યો હોય તેમાં આત્મા જણાયો છે કે નહિ ?

ઉત્તર :- એ તો શબ્દજ્ઞાન થયું. આત્મા તો જણાયો નથી. આત્મા તો આત્માથી જણાય છે. શુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે પણ અશુદ્ધ ઉપાદાનથી થયેલાં જ્ઞાનમાં સાથે આનંદ આવે નહિ અને આનંદ આવ્યા વિના આત્મા ખરેખર જાણવામાં આવતો નથી. ૬૭.

*

પ્રશ્ન :- શુભ-અશુભ ભાવનો વ્યવહારે ભેદ હોવા છતાં પરમાર્થે ભેદ માનનાર ઘોર સંસારમાં રખડશે તેમ શાસ્ત્રમાં કહ્યું છે, અને દેવ-ગુરુ-વાણી પુણ્ય વિના મળતા નથી તો આવતા ભવે તે મેળવવા માટે પુણ્યની તો અપેક્ષા રહે ને ?

ઉત્તર :- પુણ્યથી દેવ-ગુરુ-વાણીનો યોગ મળે છે તે બરાબર છે પણ પુણ્યભાવ વર્તમાનમાં દુઃખરૂપ છે ને ભાવી દુઃખનું કારણ છે તેમ શાસ્ત્રમાં કહ્યું છે. કેમકે પુણ્યથી જે સામગ્રી મળશે તેના લક્ષે રાગ થશે તે દુઃખરૂપ છે. ભગવાનની વાણી મળે તેની સામે લક્ષ જાય તે રાગ દુઃખરૂપ છે. શુભ રાગ આવે છે, હોય છે પણ ચેતનનો ધર્મ શુભરાગ નથી. શુભરાગ દુઃખરૂપ છે. આહાહા ! આ વાત જગતને આકરી લાગે તેવી છે. ઝીણી વાત છે. બેસવી કઠણ પડે તેવી છે પણ જે સત્ય છે તે આમ જ છે. ૬૮.

*

જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવની મોટપ ભાસ્યા વિના

જ્ઞાન અંદરમાં ઢળી શકતું નથી. જ્ઞાનમાં ચૈતન્યસ્વભાવનો મહિમા ને મોટપ ભાસે ત્યારે જ જ્ઞાન અંદરમાં ઢળી જાય છે. ૬૯.

*

આત્મવસ્તુ કે જેના ધ્રુવદળમાં અનંત શાંતિ ને અનંત વીતરાગતા છે તેનો પર્યાયમાં અનુભવ નથી એટલે કે અનુભવની શક્તિ જેણે પ્રગટ કરી નથી ને રાગની રૂચિમાં પડ્યા છે તે જીવ, ચૈતન્યચંદ્ર અર્થાત્ ઉપશમરસથી ભરેલા ભગવાન આત્માના જ્ઞાનસ્વરૂપનાં અનુભવ વિના તેને પામી શકતા નથી. દયા–દાન આદિ કોટિ ઉપાય કરે તોપણ ચૈતન્ય ભગવાન તેને પ્રગટ થતો નથી. રાગની ક્રિયા લાખ શું કરોડ કરે તોપણ ભગવાન આત્મા પ્રગટ થાય એવો નથી. ૭૦.

*

તો ઉપાય શું ?– કે જે દશાની દિશા પર ઉપર છે તે દશાની દિશાને સ્વઉપર વાળવી તે ઉપાય છે. રાગાદિ તો પર વસ્તુ છે તેનાથી આત્મા સંવેદ્યમાન થતો નથી. સ્વ સ્વયં સંવેદ્યમાન છે. પોતાના વડે સંવેદ્યમાન–સંવેદનમાં આવવા યોગ્ય છે. આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે, તેમાં પોતાના વડે એકતા કરે અને વિભાવથી પૃથકતા કરે તે ઉપાય છે ને તે મોક્ષનો માર્ગ છે. ૭૧.

*

જ્ઞાનસ્વરૂપી ને અતીન્દ્રિય આનંદ સ્વરૂપી પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ વડે આસ્વાદવા લાયક છે. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપી હોવાથી ભગવાન આત્મા જ્ઞાનગુણ વડે અનુભવવા લાયક છે. જ્ઞાનગુણ સિવાય અનુભવવા યોગ્ય નથી. કારણ કે કારણાંતર વડે તે અનુભવવા યોગ્ય નથી. એટલે કે આ કારણ સિવાય અર્થાત્ જ્ઞાનગુણ સિવાય રાગની ક્રિયા આદિ અન્ય કારણો વડે ભગવાન આત્મા જણાવા લાયક નથી. ૭૨.

*

કરોડો રૂપિયા ખર્ચે, મંદિરો બંધાવે કે જાવજીવ–આજીવન બ્રહ્મચર્ય પાળે પણ એ શુભરાગ છે. શુભરાગ છે તે કલેશ છે, દુઃખ છે, આડંબર છે. એવો આડંબર કરો તો કરો, પણ સર્વજ્ઞ વીતરાગદેવે જે આત્મા કહ્યો છે તેની પ્રાપ્તિ તો તેનાથી થશે નહીં. ધર્મના નામે એ શુભરાગનો રસ છે પણ એ રાગના રસ વડે વીતરાગ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. ૭૩.

*

શ્રુતની જે વાણી છે તે અચેતન છે તેમાં જ્ઞાન નથી આવ્યું માટે ભગવાન આત્મા ને દ્રવ્યશ્રુત ભિન્ન છે, એટલે કે દ્રવ્યશ્રુતથી આત્માને જ્ઞાન થતું નથી.

દ્રવ્યશ્રુતનું જ્ઞાન પણ ખરેખર અચેતન છે કેમ કે તે પરલક્ષી જ્ઞાન છે. સ્વલક્ષી જ્ઞાન નથી. દ્રવ્યશ્રુત જડ વાણી તે આત્મા નથી ને તેને સાંભળવાથી જ્ઞાન થાય તે પરલક્ષી જ્ઞાન હોવાથી તે જ્ઞાન નથી. સ્વભાવને સ્પર્શીને થયેલું જ્ઞાન તે જ્ઞાન છે. દ્રવ્યશ્રુત તો જડ છે પણ તેના નિમિત્તે જે જ્ઞાન થાય તે પરસત્તાવલંબી જ્ઞાન હોવાથી તે જ્ઞાન નથી. દ્રવ્યશ્રુતના જ્ઞાનથી આત્મા ભિન્ન છે. ૭૪.

*

જ્ઞાનને આત્મા એમ બે ધ્વનિ ઉઠે છે માટે જ્ઞાન ને આત્મા જુદા હશે એવી શંકા ન કરવી. ગુણને જ અહીં ગુણી કહેવો છે. જ્ઞાન તે જ આત્મા છે. નામ ભિન્ન પડ્યું માટે ભાવ અને ભાવવાન એટલે કે જ્ઞાન ને ભગવાન બે જુદા છે એમ જરીયે શંકા ન કરવી. નામ ભલેને જુદા પડ્યા પણ ભાવ જુદા નથી. ૭૫.

*

# જ્ઞાનીઓની ખરી જન્મજયંતી કઈ !!

સમ્યક્દૃષ્ટિ એટલે એમનું સ્વરૂપ શું?! પૂજ્ય બહેનશ્રીનો સમ્યક્ત્વદિન આવે છે.. ત્યાં (સમ્યક્જયંતી) એ ગુણનું બહુમાન છે, વ્યક્તિનું બહુમાન નથી. ખરેખર એની પાછળ ગુણનું બહુમાન છે. જે એક ક્ષણ અનંતભવનો ક્ષય કરે છે, અનંતભવને છેદ મારે છે... કુહાડાથી ઘા મારેને એ મૂળમાંથી કાપે, એવો એ ભવના તરુ ઉપર કુઠારઘાત છે. એક ક્ષણનો અનુભવ એ બહુ મહાન ચીજ છે એ બતાવવા માટે એની મહાનતા અહીંયાં વ્યક્ત કરે છે, કે ક્ષણમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તાકાત ઊભી કરી છે. કેટલો રસ લઈને એ આત્માનુભવ થયો હશે એ ત્યાં પહોંચ્યા વિના સમજાય એવું નથી. કેટલો રસ લઈને એનો અવતાર થયો છે, ત્યાં ભગવાનઆત્માનો જન્મ થયો છે. ખરેખર તો જ્ઞાનીઓની જન્મજયંતી આ છે!! જે બાકીની દેહની જે જન્મજયંતી, દેહનો જન્મ થયો એ તો એક શરીરના સબંધવાળી વાત છે કે જે સબંધ જ્ઞાનીઓ છોડવાના છે. એની એટલી કિંમત નથી. ખરેખર તો જ્ઞાની તરીકેનો જન્મ આ દિવસે થયો, આ એથી મોટી જન્મજયંતી છે. ખરેખર બે જન્મ લઈએ – એક આત્માનો જન્મ–આત્મા અવિનાશી છે પણ અહીંયાં આત્મા આત્માપણે અનુભવમાં આવ્યો એ ખરેખર આત્મા થયો, પરમાત્મા થયો ત્યાં એ!! એ ખરેખર સાચી જન્મજયંતી છે. પેલી ઊજવાય કે ન ઊજવાય પણ આ (સમ્યક્જયંતી) તો ઊજવાવી જ જોઈએ. એમ છે. પેલા કરતાં આનું મહત્ત્વ વધારે છે. પણ બાહ્યદૃષ્ટિવાળાને બાહ્ય પ્રસંગનો મહિમા આવે છે એટલે પેલી જન્મજયંતીને પકડે છે. પણ એવા જન્મદિવસ તો બધા પ્રાણીઓના આવે છે. શરીર એ દેહનો જન્મ થવો એ તો સર્વ પ્રાણીઓને સાધારણ છે, પણ આત્માનો સમ્યક્ત્વ જન્મ થવો એ કરોડો–અબજોમાં કોકને છે. અસાધારણ છે એ, એ કેટલો અસાધારણ છે કે કરોડો–અબજોમાં... અબજો મનુષ્યો છે, અત્યારે ૪ અબજ જેટલી વસતી છે વિશ્વની. કોક છે એની અંદર. એની અસાધારણતા છે. એ તો સંખ્યાએ અસાધારણ થયો. પણ અહીંયાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની લબ્ધિ આવી એ પણ એક અસાધારણતા છે.

(પૂજ્ય બહેનશ્રીની સમ્યક્જયંતી પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના હૃદયોદ્ગાર
શ્રી 'પરમાગમસાર' પ્રવચન નં-૭૮માંથી)

*


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (માર્ચ–૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી)ના અંકની સમર્પણ રાશિ
**શ્રીમતી શોભનાબેન ચંદ્રેશભાઈ મેઘાણી, કોલકાતા**
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર આત્માર્થી કેવો હોય?

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



અનંતકાળથી સંસાર પરિભ્રમણ કરતા જીવને ભવ્યત્વનો પરિપાક આવે છે. ત્યારે તે જીવના જીવનમાં અંતર–બાહ્ય ફેરફાર થાય છે. અને તે એક ફેરફારને યોગ્ય ઘટના બને છે. બહુભાગ તે જીવને યોગાનુયોગે અથવા પ્રયત્નપૂર્વક યથાર્થ સત્સંગનો યોગ થાય છે અને તેમાંથી આત્મોન્નતિની પરિણામશ્રેણી શરૂ થાય છે. તે પરિણામશ્રેણીનો ક્રમ આત્માર્થીજીવ માટે પ્રયોજનભૂત હોવાથી તે આ સ્થળે પ્રસ્તુત છે. આ પરિણામશ્રેણીની વિશેષતા એ છે કે તે પરિણામોની પ્રત્યેક ભૂમિકામાં દર્શનમોહ અધિક અધિક મંદ થઈ જ્ઞાનમાં નિર્મળતા વધતી જાય છે.

૧. સૌ પ્રથમ આ ક્રમમાં પ્રવેશ કરનાર જીવને, અનંતકાળથી પોતે ચોરાશી લાખ યોનિમાં અને ચારેય ગતિમાં જન્મ–મરણ કરી પરિભ્રમણ કરી રહ્યો છે, તેનો નાશ થયો નથી તેથી તેનો નાશ શું કરવાથી થાય? તેની ચિંતના શરૂ થાય છે. અને તે ચિંતના ઉગ્ર થઈને વેદના ને ઝુરણા ઉત્પન્ન કરે છે. આ સ્થિતિ ઉત્પન્ન થવા પાછળ વિવેકપૂર્વકની સુવિચારણા રહેલી છે. સંસારમાં અનેક પ્રકારનાં અને અકથ્ય દુઃખના પ્રસંગો ઉત્પન્ન થાય છે. પણ તેમાં સૌથી વધુ દુઃખમય પ્રસંગ મૂંઝવણનો છે કે જે મૂંઝવણ અસહ્ય થવાથી જીવ આપઘાત કરી મોતને વહાલું કરે છે, આવા અસહ્ય દુઃખોનો નાશ થાય તેની સમસ્યા એ સૌથી મોટી સમસ્યા છે. આ સમસ્યાની બરાબરીમાં સંસારની કોઈપણ સમસ્યા હોય તો તે ઘણી જ અલ્પ છે. તેથી સમસ્ત ઉદય ગૌણ થઈને વિચારવાનપણાને લીધે સહજ જ પરિભ્રમણથી મુક્ત થવાની જિજ્ઞાસા વેદનાપૂર્વક ઉત્પન્ન થાય છે.

૨. જ્યાં ઉપરોક્ત વેદનામાં કોઈપણ જીવ આવે ત્યારે અતિ વેદનાને વશ ખાવા–પીવાથી માંડીને સમસ્ત ઉદયના કાર્યોમાં સહજ જ નીરસપણું થઈ જાય છે અને સહજ ઉદાસીનતાનો ક્રમ આ સ્તરે શરૂ થાય છે. જેથી પંચેન્દ્રિયના વિષયોમાં આસક્તિ અને રસના પરિણામ એકદમ ફિક્કા પડી જાય છે. તેમજ સંસારની ઉપાસનાનો અભિપ્રાય પણ શિથિલ થઈ જાય છે. અને અનાદિકાળનો સ્વચ્છંદ આ ભૂમિકામાં શિથિલ થઈ જાય છે. સંસારની ઉપાસનાનો અભિપ્રાય શિથિલ થવાથી પ્રતિબંધક ભાવ પણ ઢીલા પડી જાય છે તેથી આત્મકલ્યાણની દિશામાં આગળ વધવા માટેનો અવકાશ પ્રાપ્ત થાય છે.

૩. અનાદિથી જીવને સંસારનું ધ્યેય હોવાથી દેહાદિ સંયોગો જાળવવા – અને વધારવાના કાર્યમાં જીવની સાવધાની વર્તે છે. આ પ્રકારની સાવધાની હંમેશાં દર્શનમોહને તીવ્ર કરે છે ને તેથી આત્મ-હિતની વિવેકવાળી મતિને આવરણ આવે છે. પરંતુ ઉક્ત ઉદાસીનતાના કારણથી આ પ્રકારની સાવધાની છૂટીને જીવ મુક્ત થવાના નિર્ધાર / નિર્ણયમાં આવે

છે અને પરિપૂર્ણ શુદ્ધ (નિષ્કલંક) દશા પ્રાપ્ત કરવાનો ધ્યેય બાંધે છે. તે એવા પ્રકારે કે ''હવે મારે આ જગતમાંથી કાંઈપણ જોઈતું નથી, એક મારો આત્મા જ જોઈએ છે.'' એવી દૃઢ વૃત્તિથી જ અંતઃકરણની શુદ્ધિ થાય છે. શુદ્ધ અંતઃકરણથી જ્યારે આ પ્રકારનું ધ્યેય બંધાય છે ત્યારે, સંસારની ઉપાસના અને સંસારના ધ્યેયને કારણે જે જે વિપરીત અભિપ્રાયો હતા તે અભિપ્રાયોમાં પલટો આવે છે અને 'એકમાત્ર મોક્ષ અભિલાષ' હોવાથી માત્ર મોક્ષને વિષે જ અભિપ્રાય - પૂર્વક પ્રયાસ ચાલે છે. આ ભૂમિકામાં વિપરીત અભિપ્રાયોનો પલટો સારી રીતે થાય છે અને તેથી વાસ્તવિક મુમુક્ષુતાની શરૂઆત અહીંથી થાય છે. એક ન્યાયે મોક્ષ મહેલનો પાયો (મંગલ શિલાન્યાસ) આ પરિણામોથી થાય છે. તેમજ આ ભૂમિકા સુદૃઢપણે બંધાવાથી મુમુક્ષુની ભૂમિકામાં યથાયોગ્ય ઉત્પન્ન થવાલાયક બીજા આનુષંગિક પરિણામોની સહજ ઉત્પત્તિ થાય છે. તેમાં આ ધ્યેય/લક્ષ્ય કારણભૂત છે, અને એના ફળસ્વરૂપે સહજપણે એ ઉપર ઉપરની ભૂમિકાના પરિણામો થવા લાગે છે જેનું વિવરણ નીચે મુજબ છે.

૪. ઉપરોક્ત ધ્યેય બંધાવાથી સ્વરૂપપ્રાપ્તિની અપૂર્વ ભાવના અંતરના ઊંડાણમાંથી જાગે છે. આ ભાવના ઉત્પન્ન થવાની પાર્શ્વભૂમિ (**back ground**) કોઈ રાગ-દ્વેષના કારણે નથી. પરંતુ માત્ર નિજ ચૈતન્યમાંથી જ ચૈતન્યની ભાવના ઉત્પન્ન થયેલી હોય છે. અને તેથી તે જીવ સંવેગપૂર્વક પોતાના ધ્યેય પ્રત્યે પૂરી લગનીથી અને તાલાવેલીથી લાગે છે. લગનીની સાથે સાથે સ્વ-કાર્ય પ્રત્યે પૂરી ધગશથી આગળ ધપનાર મુમુક્ષુની ભૂમિકામાં ઘણા અલ્પકાળમાં વિકાસ પામે છે. જે જે પ્રકારનો વિકાસ સધાય છે તે વિકસતા પરિણામોનું વિવરણ નિમ્ન પ્રકારે જાણવા યોગ્ય છે.

૫. પૂર્ણતાનું લક્ષ નિરંતર રહેતું હોવાને લીધે, મુમુક્ષુની ભૂમિકાના વિકાસનો મુખ્ય આધાર જેના ઉપર છે એવી નિજહિતના પ્રયોજનની દૃષ્ટિ અહીંથી પ્રાપ્ત થાય છે અને આ દૃષ્ટિ તીક્ષ્ણપણે અને સૂક્ષ્મપણે પ્રવર્તતી થકી પોતાને અહિતથી બચાવે છે. અને શીઘ્રપણે હિત સાધવામાં કાર્યસાધક થાય છે. ઉદાહરણ તરીકે : પૂર્વકાળ કરતાં વર્તમાનમાં ઉચ્ચકોટિના શુભભાવો થવા છતાં પણ અને તેમાં આત્મ-કલ્યાણનું લક્ષ રહેવા છતાં પણ ત્યાં સ્વાનુભૂતિનો અભાવ હોવાથી તેની ખટક અંદરમાં રહ્યા જ કરતી હોય છે. જેથી પૂર્વકાળની બરાબરીમાં અનેક પ્રકારે વર્તમાન દશાનો સુધાર થવા છતાં તેમાં જરાપણ સંતોષ થતો નથી પરંતુ અસંતોષ વર્તે છે. અને સ્વ-કાર્ય શીઘ્રપણે થાય તેવી તાલાવેલી આ ભૂમિકામાં હોય છે, જે કારણથી આવી પડેલા ઉદયકાર્યોની પ્રવૃત્તિ કરવી પડે તેમાં થાક લાગે છે અને તેવો ઉદય લંબાય તો ત્રાસરૂપ અનુભવાય છે જેથી સંસારબળ ઘટતું જ જાય છે.

૬. પૂર્ણ શુદ્ધિનું લક્ષ થવાથી જે નિજ-હિતના પ્રયોજનની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તે દૃષ્ટિકોણને લીધે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અંતર્ સૂઝ ઉત્પન્ન થાય છે જેને લીધે પોતાની ભૂમિકામાં ભવરોગનો નાશ કરવાનો ઉપાય જેણે જાણ્યો છે તેવા, આત્મજ્ઞાની સત્પુરુષના ચરણકમળના સાંનિધ્યમાં રહેવાનો અભિપ્રાય થઈ આવે છે. અનંતકાળમાં પૂર્વે અનેક ધર્મ-સાધના કરવા છતાં આ પ્રકારની સૂઝ જીવને આવી નથી, તે એક ભયંકર બીજભૂત ભૂલ રહી ગઈ છે. તે ભૂલનો સુધાર થયો તે એક મહત્ત્વપૂર્ણ કાર્યસિદ્ધિ સમજવા યોગ્ય છે. આ સૂઝના કારણથી આત્માર્થી જીવને એવો વિવેક વર્તે છે કે 'હું માર્ગથી અજાણ છું અને મારા ભવરોગના ઈલાજ માટે આ સિવાય મતિકલ્પનાથી સ્વચ્છંદપણે કોઈપણ સાધન કે ઉપાય મારે ન કરવા

જોઈએ. ખરેખર તો જો કોઈ જ્ઞાનીપુરુષ મળી જાય તો મારા સર્વ પરિણામોની કિતાબ ખુલ્લી કરીને મારી વર્તમાન યોગ્યતા જણાવી દઉં અને મારું કલ્યાણ થાય એવા માર્ગદર્શનની યાચના કરું.' – આવા વિવેકપૂર્વક તે જીવ માત્ર સત્પુરુષને ઈચ્છે છે અને તેની શોધ કરે છે. તેમજ તેવા મહાત્માના યોગે ઓળખવાની તીવ્રતા રાખીને તેને ઓળખે છે; અને જો ઓળખાણ પડી જાય તો પરમ પ્રેમે તેને ચાહે છે અને સર્વાર્પણબુદ્ધિએ તેના સત્સંગમાં રહી પૂર્ણ આજ્ઞાકારિતામાં રહીને એટલે કે સ્વચ્છંદનિરોધપણે ભક્તિભાવે સત્સંગને ઉપાસે છે. તેમના ગમે તેવા વચનોમાં પણ સમ્યક્ પ્રતીતિ રહે છે અને પોતાના પ્રકૃતિ આદિના સર્વભાવો અર્પણ કરીને વર્તે છે. આ પ્રકારના પરિણામોને લીધે તે આત્માર્થી જીવનો દર્શનમોહ અત્યંત મંદપણાને પામે છે ને તે ભૂમિકાના જ્ઞાનની નિર્મળતા વિશેષ થાય છે. જેમ જેમ જ્ઞાનમાં નિર્મળતા આવતી જાય છે તેમ તેમ પ્રયોજનની દ્રષ્ટિ અધિક સૂક્ષ્મ અને તીક્ષ્ણ થતી જાય છે, જે મુમુક્ષુતાના વિકાસમાં મુખ્ય આધારભૂત છે. આ પ્રકારે મુમુક્ષુની ભૂમિકામાં સત્પુરુષના પ્રત્યક્ષ યોગનું અત્યંત મહત્ત્વ છે ને તેની આવશ્યકતા એવી છે કે તે વિના મુમુક્ષુ જ્ઞાનદશાની પ્રાપ્તિ અથવા તેના બીજજ્ઞાનની પ્રાપ્તિ કોઈપણ રીતે કરી શકે નહિ. જો કોઈ માર્ગ–શોધક આત્માર્થી આત્મ–શાંતિ માટે માર્ગ નહિ મળવાથી અત્યંત વેદનામાં અને તીવ્ર તડપનમાં આવે તો તેની પાત્રતા વર્ધમાન થઈ શકે છે પરંતુ માર્ગની પ્રાપ્તિ અને દિશાસૂઝ તો પ્રત્યક્ષ જ્ઞાનીના યોગ વિના અન્ય પ્રકારે કોઈપણ રીતે સંભવિત નથી. બાકી સામાન્ય મુમુક્ષુને તો મોક્ષમાર્ગ પ્રત્યે આગળ વધવામાં પગલે પગલે માર્ગદર્શનની જરૂર પડે છે જેનું સમાધાન પ્રત્યક્ષ યોગ સિવાય અસંભવિત છે. અને તેથી જ સત્પુરુષના પ્રત્યક્ષ યોગનું મહત્ત્વ અનુભવથી સમજાય છે. તેને અન્ય વિકલ્પે કરીને માર્ગ પ્રાપ્ત કરવાનો અવિચારી અભિપ્રાય થતો નથી.

૭. યથાર્થતા – ઉક્ત પ્રયોજનની તીક્ષ્ણ અને સૂક્ષ્મ દૃષ્ટિ હોવાને લીધે, સમજણની ભૂમિકામાં સમજણની યથાર્થતા ઉત્પન્ન થાય છે. યદ્યપિ યથાર્થતાનું ક્ષેત્ર ઘણું ઊંડું અને વિશાળ છે એમ છતાં સંક્ષેપમાં એમ કહી શકાય કે સમજણની યથાર્થતા થતાં સત્પુરુષના વચનો / શાસ્ત્રવચનો પ્રયોજન સિદ્ધ થાય તે પ્રકારે સમજાય છે. બહુભાગ ક્યાંય પણ અસમાધાન થતું નથી અને અધ્યાત્મ તત્ત્વનો રસ અને રુચિ વૃદ્ધિગત થતા જાય છે, આમ થવાનું કારણ પરિણતિમાં રાગરસરૂપ રંજિતપણું ઘટતાં તેમજ દર્શનમોહનો અનુભાગ ઘટતાં મુમુક્ષુને યોગ્ય જ્ઞાનની નિર્મળતા પ્રાપ્ત થાય છે અને આ પ્રકાર તે આ ભૂમિકાની વિશુદ્ધિ છે અથવા પાત્રતા છે. યથાર્થતાની પ્રાપ્તિને લીધે અયથાર્થતાથી ઉત્પન્ન થતા વિપર્યાસો મટે છે અને એ વિપર્યાસોથી ઉત્પન્ન થતી દોષની પરંપરા પણ મટે છે. આવી યથાર્થતા જ વિકાસ પામીને સ્વાનુભૂતિ કાળે સમ્યક્ત્વનું રૂપ ધારણ કરે છે.

૮. સ્વરૂપપ્રાપ્તિની તીવ્ર ભાવના (અનુક્રમ – ૪ – અનુસાર) ઉત્પન્ન થઈ હોવાથી હવેની ભૂમિકામાં એક નવી જાગૃતિ આવી જાય છે જેથી પોતાના સર્વ પરિણામોમાં અપક્ષપાતપણે (મધ્યસ્થભાવે) અવલોકન ચાલુ થાય છે. અવલોકન એટલે ચાલતા પરિણામોમાં થતા અનુભવને દેખવો. અવલોકનના આ પ્રકારના અભ્યાસથી અનુભવમાં આવતા અનેક પ્રકારના ભાવોની સમજણ તે તે ભાવોના અનેક પડખાથી અનુભવપૂર્વક સમજાય છે એટલે કે પોતાના ભાવોની સમજણ અનુભવપદ્ધતિએ થાય છે. પ્રથમ તે જ ભાવો વિચારપદ્ધતિએ સમજાયા હતા પરંતુ અવલોકનના અભ્યાસપૂર્વક તે જ ભાવો જ્યારે

અનુભવપદ્ધતિએ સમજાય છે ત્યારે તે તે ભાવોનું ઊંડાણ હાથમાં આવે છે અને કેટલાક ભાવો પાછળ અભિપ્રાય સામેલ હોય તો જે તે અભિપ્રાયનું બળ અને તે કારણે ઉત્પન્ન થતો રસ વગેરે પકડાય છે. ઉદયભાવોમાં ચાલતો વિભાવરસ અવલોકન કાળે પકડાવાથી યથાર્થ પ્રકારે એકદમ મોળો પડે છે અને સાથે સાથે દર્શનમોહનો અનુભાગ પણ અધિકપણે ઘટતો જાય છે. તદ્ઉપરાંત તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પણ અંતર અવલોકનપૂર્વક ચાલે છે એટલે કે જે તે ભાવો સંબંધી તત્ત્વ-ચર્ચા ચાલે છે તે તે ભાવોનું પોતાના અવલોકનથી અને અંતર સંશોધનપૂર્વક સમજવાનું બને છે. તેમાં પણ જ્યારે વર્તમાનમાં પોતાનો પ્રયોજનભૂત વિષય આવે છે ત્યારે રસ વૃદ્ધિગત થાય છે. આવા આત્માર્થી જીવની નિર્ણય કરવાની પદ્ધતિ પ્રયોગપૂર્વક થઈ જાય છે. જે જીવ માત્ર શબ્દાર્થ, ભાવાર્થ, ન્યાયની મદદ વડે, તર્ક – વિચારથી, અનુમાનથી, કે શાસ્ત્ર આધારથી નિર્ણય કરે છે તેમાં ભૂલ અથવા ક્ષતિ રહેવાની સંભાવના છે પરંતુ પ્રયોગપૂર્વક / પ્રયોગની સરાણે ચડાવીને નિર્ણય થાય છે તે નિર્ણય યથાર્થ નિર્ણય હોય છે. આવું અવલોકનનું ફળ છે તે અન્યથા પ્રાપ્ત થતું નથી.

૯. વૈરાગ્ય : યદ્યપિ મૂળથી વૈરાગ્યની ક્રમિક શરૂઆત તો પરિભ્રમણની ઝુરાણાકાળે સહજ થઈ ગઈ હોય છે, પરંતુ અવલોકનના સ્તરે આ વૈરાગ્ય અને ઉદાસીનતા ક્રમના આગળના તબક્કામાં પ્રવેશે છે, અને તેથી ઉદયના કાર્યો જે પૂર્વપ્રારબ્ધવશાત્ આવી પડે છે અને તેથી કરવા પડે છે ત્યારે અમૂલ્ય આત્મજીવન તેમાં ગુમાવવું પડે છે તેવું લાગ્યા કરે છે. અને અવલોકન કરતાં કરતાં સત્‌ની ઊંડી જિજ્ઞાસા ઉત્પન્ન થવાથી આ જીવ સ્વરૂપની અંતરખોજમાં ખોવાઈ જાય છે. અને સત્સ્વરૂપની ઊંડી જિજ્ઞાસાને લીધે સર્વ ઉદય પ્રસંગોમાં ક્યાંય ચિત્ત ચોંટતું નથી પરંતુ પોતાના પ્રયોજનભૂત વિષયને તે સૂક્ષ્મ ઉપયોગથી, ઊંડી રુચિથી અને ઊંડા મંથનપૂર્વક પકડતો હોય છે. આ તબક્કે માર્ગની નજીકતા થવાથી ચાલતાં પરિણમનમાં મુમુક્ષુતા વર્ધમાન થવા છતાં (પૂર્ણતાનું લક્ષ હોવાથી) ક્યાંય સંતોષાઈ જાય નહીં, પરંતુ પ્રાપ્ત યોગ્યતા ગૌણ થઈ જાય છે કારણ કે પૂર્ણદશાની અભિલાષા નિરંતર વર્તતી હોય છે. આવા મુમુક્ષુજીવને ગુણનો મહિમા અને ગુણની મુખ્યતા જ રહેતી હોય છે તેથી અન્ય મુમુક્ષુના અલ્પગુણ પ્રત્યે પણ પ્રમોદ આવે છે અને આ પ્રકારે આત્મરુચિ અર્થાત્ ગુણની રુચિ પોષાતી હોય છે. વૈરાગ્ય સાથે મુમુક્ષુતાનો વિકાસ થાય તેવા આનુષંગિક પરિણામો સહજ આપોઆપ ઉત્પન્ન થતા જાય છે. જે નિમ્ન પ્રકારે છે.

આ ભૂમિકામાં આવેલ જીવને સત્પુરુષની ઓળખાણ થવામાં, સત્પુરુષના વચનોમાં રહેલ ''અનુભવની વિધિની ગંભીરતાને અને અંતર્મુખ પરિણમનના રહસ્યને'' ગહન ચિંતવન અને અવલોકન વડે શોધતો હોવાથી તે પારમાર્થિક રહસ્યને સમજી શકે છે અને તેથી સત્પુરુષની અંતરપરિણતિની ઓળખાણથી સત્પુરુષનો મહિમા તેના હૃદયમાં સ્થિત થયો હોય છે. ખાસ કરીને સત્પુરુષના પુરુષાર્થની પરિણતિના અવલોકનથી તેને પોતાને એવી પ્રેરણા મળે છે કે પોતાની સમગ્ર શક્તિથી (શક્તિને જરાપણ ગોપવ્યા વગર) પુરુષાર્થમાં લાગેલો રહે છે. અહીંથી ભેદજ્ઞાનની પૂર્વભૂમિકા ચાલુ થતી હોવાથી વિકલ્પ માત્રમાં અંદરથી દુઃખ લાગવા માંડે છે જેથી વિકલ્પથી ખસવાના વલણવાળા પરિણમનની તૈયારી થાય છે જેથી ઉદયિકભાવો અત્યંત બોજારૂપ લાગે અને ક્યાંય પણ ગમે નહીં તેવી ઉદાસીનતા રહ્યા કરે.

સ્વકાર્ય કરવાની શીઘ્ર વૃત્તિ હોવાથી ''પછી કરીશ'' તેવો અરુચિસૂચક ભાવ ક્યારે પણ આવતો

નથી પરંતુ મારું કાર્ય અત્યારે જ થતું હોય તો વિના વિલંબે કરવું જ છે તથાપિ અન્ય કાર્ય પ્રથમ કરવાના કારણથી વિલંબ થાય તો તે પોષાતું નથી. પરંતુ સ્વકાર્યની તત્પરતાના પરિણામ ચાલુ રહે છે. અને તેથી અંતર-બાહ્ય નિવૃત્તિથી ચાહનાપૂર્વક સ્વકાર્ય કરવાની ધગશ રહ્યા કરે છે.

પાત્રતાના આનુષંગિક પરિણામોમાં બ્રહ્મચર્યની ચાહના રહે છે. અને સેંકડો હજારો વિકલ્પની પરંપરાનું મૂળ-સર્જક એવું અબ્રહ્મચર્ય અંતરાત્મવૃત્તિથી પ્રતિપક્ષભૂત જાણીને તેની અરુચિ રહ્યા કરે છે.

વળી સ્વચ્છંદની હાનિ થવા અર્થે પોતાના પરિણામોના અવલોકન કાળે પોતાના દોષ ટાળવાના હેતુથી અપક્ષપાતપણે જોવાનો અભ્યાસ ચાલે છે ને તેથી જ્ઞાનમાં મધ્યસ્થતા અને નિર્માનતા કેળવાતી જાય છે.

બહુજન પરિચય આત્મસાધનાને પ્રતિકૂળ પરિસ્થિતિ છે તેમ જાણી એકાંતપ્રિયતા ને અલ્પ પરિચયી વૃત્તિ રહે છે. રાગ-રસ મંદ થયો હોવાથી આહાર-વિહાર અને નિહારમાં નિયમિતતા રહે છે તેથી તે પ્રકારના ઉદયભાવો મર્યાદિત રસવાળા સહજ પ્રવર્તે છે. વૈરાગ્યના આ તબક્કે આત્માર્થી તીવ્ર રસવાળાં પરિણામોથી અનિયમિત આહારાદિ હોતા નથી. આમ અનેક પ્રકારે સામાન્ય જગતના જીવથી અને સામાન્ય મુમુક્ષુથી વિશેષ યોગ્યતાવાળો હોવા છતાં પોતાના ગુણોને અને ગુરુતાને ગોપવે છે. તથાપ્રકારની માન અને પ્રસિદ્ધિથી દૂર રહેવા ચાહે છે. તેમ થવામાં ક્યાંય પણ કૃત્રિમતા કે આડંબર ન થાય તેવી વિચક્ષણતા પણ રખાય છે.

સન્માર્ગની યથાર્થ કાર્ય-પદ્ધતિના મૂળમાં, મુક્તપણાનું મૂલ્યાંકન શરૂઆતથી જ આવેલું હોય છે તેથી આત્મકાર્યની સર્વાધિક મુખ્યતા રહેવા પાછળ એવી સ્પષ્ટ સમજ હોય છે કે આ એક એવો વાસ્તવિક ઉપાય છે કે જેથી ચારે ગતિના જન્મ-મરણ સહિતના સર્વ દુઃખનો અભાવ થઈ અનંત કાળ પર્યંતનું પૂર્ણ સમાધિસુખ પ્રાપ્ત થવાનું છે. સુખ - દુઃખના આ પ્રયોજન સંબંધિત આત્મ-વિશ્વાસ વર્તતો હોવાથી આ ઉપાયની સર્વધિક મુખ્યતા રહે તે સ્વાભાવિક છે.

તત્ત્વજ્ઞાનના અભ્યાસકાળે શાસ્ત્રોમાં આવતાં સર્વ ન્યાયો અને અપેક્ષિત કથનો અને વિભિન્ન પ્રકારની વચન વિવક્ષાઓને આત્મ-હિતના લક્ષે સમજવાની પદ્ધતિ થઈ જાય છે અને તેથી ક્યાંય પણ પૂર્વાપર વિરોધતા ભાસતી નથી કે અસમાધાન થતું નથી. તેમજ કોઈ નવો વિપર્યાસ ઉત્પન્ન થતો નથી. ઉપરોક્ત સ્વલક્ષીપણાને લીધે ક્ષયોપશમ જ્ઞાનનો વિકાસ થવા છતાં પણ તેમાં અહંભાવ થઈને શાસ્ત્રીય - અભિનિવેશ ઉત્પન્ન થતો નથી. યથાર્થતાના સદ્‌ભાવમાં, જેનું મૂલ્ય ન થઈ શકે તેવો સમજણનો આ પ્રકાર સહજ ઉત્પન્ન થાય છે, નહિ તો પ્રાયઃ શાસ્ત્ર-અભ્યાસ સદ્‌ગુરુના ચરણ સાનિધ્ય વિના શાસ્ત્રીય-અભિનિવેશને જાણે -અજાણે ઉત્પન્ન કરે છે.

પાત્રતા સૂચક અનેક લાક્ષણિક પરિણામો માંહેનો એક પરિણામ ગતિ નિઃશંકતા છે. તે નિઃશંકતાઃ આવી જવાથી આગામી ભવોમાં નીચગતિ થવા સંબંધી પોતાને શંકા પડતી નથી એટલું જ નહિ, પરંતુ સ્વયંની મુક્ત દશાની યોગ્યતા વર્તતી હોવાને લીધે તત્‌સંબંધી નિઃશંકતા વર્તે છે. અને એવી નિઃશંકતાને જ્ઞાનીઓએ મુક્તિના ભણકારા ગણાવ્યા છે.

આત્માર્થી જીવ સરળ પરિણામી હોય છે. આ ભૂમિકાનો આ શ્રેષ્ઠ સદ્‌ગુણ છે કે જેને લીધે અનેક પ્રકારના દોષોની ઉત્પત્તિ થતી નથી. સરળતાને લીધે વિચારશક્તિમાં મધ્યસ્થતા સહજ રહે છે અને તેથી

ગુણ-દોષની તુલના થવામાં ભૂલ થતી નથી. સરળતા અને મધ્યસ્થતા રહેવાથી વિચારોમાં વિશાળતા રહે છે અને તેથી સંપ્રદાયબુદ્ધિથી ઉત્પન્ન સંકુચિતતા રહેતી નથી. પરંતુ જ્યાં જ્યાં સત્ય અને સદ્ગુણ દેખાય છે ત્યાં ત્યાં તેનો સ્વીકાર સહજપણે થાય છે. આ ત્રણ સદ્ગુણો તત્ત્વ પામવા માટે વિશેષ પાત્રતાના સૂચક છે.

સુખાભાસનું જ્ઞાન - અન્ય દ્રવ્ય-ભાવમાં 'સુખની કલ્પના'નું સ્વરૂપ સમજાયું - હોવાથી પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ લક્ષમાં રાખી, ઉક્ત કલ્પનાની નિવૃત્તિ અર્થે આત્માર્થી પ્રયત્નવાન (સાવધાન) હોય, કે જેને લીધે જગતના કોઈ પદાર્થમાં ઊંડે ઊંડે પણ સુખની કલ્પના (વાસના) રહી ન જાય અથવા પરિણતિમાં કોઈપણ ઈન્દ્રિય - વિષયની અપેક્ષા રહ્યા કરે નહિ અથવા શુભ પરિણામોમાં કે શાતાવેદનીયના ઉદયકાળે આશ્રયબુદ્ધિ રહી જાય નહિ.

મુમુક્ષુની ભૂમિકામાં પરમાર્થ માર્ગનો અવરોધક સ્વચ્છંદ નામનો મહાદોષ છે. આત્માર્થી જીવ તેના અનેક પ્રકારો અને લક્ષણો સમજીને તેને ટાળવાનો પ્રયત્ન કરે છે. જો તેમ ન કરવામાં આવે તો આત્માર્થીતાનો આ દોષ નાશ કરનાર છે. એવા કેટલાક પ્રકારો વિચારવા યોગ્ય છે જે નીચે મુજબ છે :

(**A**) પરલક્ષી શાસ્ત્રજ્ઞાનના ઉઘાડમાં 'હું સમજું છું' તેવો અહંભાવ અને તેવા અહંકારવશ જ્ઞાનીપુરુષના વચનની પોતાની બરાબર તુલના કરવી.

(**B**) પોતાના દોષનો પક્ષપાત થવો, બચાવ થવો, તેમજ જેના ઉપર રાગ / મમત્વ હોય તેવી અન્ય વ્યક્તિના દોષનો પક્ષપાત થવો.

(**C**) સત્પુરુષના વચનમાં શંકા થવી અથવા તે વચન માન્ય કરવા માટે શાસ્ત્ર આધારની અપેક્ષા રાખવી.

(**D**) સત્પુરુષના વચનમાં ભૂલ દેખાવી અથવા પોતાના ક્ષયોપશમના અહંભાવને લીધે તેમાં સુધારો - વધારો કરવાના ભાવ થવા.

(**E**) જ્યાં જ્યાં માન મળે અથવા માન પોષાય ત્યાં જવાનું આકર્ષણ રહે, માન પ્રાપ્તિ અર્થે મન-વચન-કાયાની પ્રવૃત્તિ થાય અથવા લોક દષ્ટિ રહે કે જેને લીધે સમાજની મુખ્યતાથી આત્માર્થ ગૌણ થાય. તેમજ જે સમૂહમાં અમુક સ્થાન જળવાઈ રહે તેવી પરિણતિ રહ્યા કરે અને તદ્દર્થે શુભ પ્રવૃત્તિ (?) કરે. અથવા સ્વચ્છંદ તીવ્ર થતાં અનૈતિક અને અશુભ પ્રવૃત્તિ પણ કરે.

(**F**) સત્પુરુષના ઉપકારને ઓળવવો એટલે કે જેની પાસેથી જ્ઞાન પ્રાપ્તિ થઈ હોય તેનો જ અવર્ણવાદ કરવો.

(**G**) સત્પુરુષના વચનામૃત પ્રત્યે અને સત્પુરુષ પ્રત્યે અચળ પ્રેમનો અભાવ.

(**H**) પ્રત્યક્ષ સત્પુરુષ પ્રત્યે પરમ વિનય - અત્યંત ભક્તિનો અભાવ, (જેટલી વિનયની ઓછપ તેટલો સ્વચ્છંદ થવાનો અવકાશ રહે છે.)

(**I**) સત્પુરુષના ઉદય ભાવો અને ઉદયના કાર્યોમાં પોતા સમાન કલ્પના રહેવી.

(**J**) સત્પુરુષના બાહ્ય આચરણમાંથી ચારિત્ર મોહના દોષને મુખ્ય કરવા.

(**K**) બાહ્ય જ્ઞાન-શાસ્ત્રની ધારણા, તેના ઉપરના ઝુકાવને લીધે અંતરમાં માર્ગની સૂઝ ન પડવી અથવા અધ્યાત્મનો વિષય ગૌણ થવો.

- એ વગેરે પ્રકારના પરિણામો સ્વચ્છંદની મંદતા અથવા તીવ્રતાના વિદ્યમાનપણાને દર્શાવે છે.

વળી, આત્માર્થી જીવ આત્માર્થીતાને બાધક એવા પરિણામોના પ્રકાર ન હોય એવા કેટલાક પ્રકારો લક્ષમાં લેવા યોગ્ય છે જે નીચે મુજબ છે -

(**a**) અસરળતા, હઠાગ્રહ, જીદ, પૂર્વગ્રહ અને

મતાગ્રહ વગેરે પ્રકારના ભાવોનો અભાવ, મધ્યસ્થ વિચારધારાને લીધે વ્યક્તિગત પૂર્વગ્રહનો અભાવ.

(**b**) જ્ઞાનના ક્ષયોપશમની વિશેષતાને લીધે પોતાને માન મળે તેવું ઈચ્છે નહિ.

(**c**) પરંપરા અને બાહ્ય ક્રિયાના આગ્રહનો અભાવ.

(**d**) શાસ્ત્રના કથન અને જ્ઞાનીના વચનોનું કલ્પિત અર્થઘટન ન કરે કે જેથી વસ્તુ સ્વરૂપથી અન્યથાપણું થાય અથવા પરમાર્થથી દૂર જવાનું થાય.

(**e**) સત્પુરુષથી વિમુખ થવાનું કોઈપણ ભોગે સ્વીકારે નહિ. અને તે માટે અપકીર્તિને, અપમાનને અને સમાજને ગૌણ કરે.

(**f**) પ્રમાદનો અભાવ હોવાથી સ્વકાર્યમાં ઉલ્લાસિત વીર્યથી આગળ વધે.

(**g**) શાસ્ત્ર અધ્યયન, તત્ત્વ શ્રવણ અને તત્ત્વ ચર્ચા વગેરેમાં એવો પ્રકાર ન હોય કે જેથી અધૂરો નિશ્ચય થાય, વિચારોની અપરિપક્વતા રહે, શંકાશીલતા રહે અને તેથી વિકલ્પ વૃદ્ધિ થાય અથવા વિભ્રમ ઉત્પન્ન થઈ વિચારોમાં કુતર્ક અને ડામાડોળપણું રહે.

(**h**) લૌકિક અભિનિવેશ એટલે કે લોકમાં જે જે વસ્તુ અને વાતનું કે પ્રસંગનું મહત્ત્વ ગણાય છે તેની માહાત્મ્યબુદ્ધિનો અભાવ.

(**i**) શાસ્ત્રીય અભિનિવેશથી દૂર રહે. શાસ્ત્રીય અભિનિવેશ એટલે આત્માર્થ સિવાયની શાસ્ત્રની માન્યતા; અથવા શાસ્ત્રનું ભણતર કે ધારણામાં સંતોષ; અપ્રયોજનભૂત વિષયમાં જાણપણાની મહત્તા (ને તેથી આત્માર્થની ગૌણતા).

(**j**) પ્રત્યક્ષ સત્પુરુષના સત્સંગને ગૌણ કરી તેની સરખામણીમાં પોતાના શાસ્ત્ર અધ્યયનની ગણત્રી કરવી અથવા શાસ્ત્રને ઊંચા ગુણસ્થાન સ્થિત પુરુષના વચનો ગણી તેના ઉપર વધારે ભાર દેવો (આવો અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ તેવા જીવને જ ઉપજે કે જે લૌકિક પ્રયોજનવશ શાસ્ત્ર વાંચન કરતો હોય.) – એવા પરિણામ જેને ન હોય.

(**k**) સંદિગ્ધ અવસ્થાનો અભાવ. (**Aa**) સંદિગ્ધ અવસ્થાને લીધે જ્ઞાન પ્રાપ્તિ માટે અનેક ગ્રંથોનું અધ્યયન કરવા છતાં પણ સંદેહનું ઊપજવું થયા કરે કે જેથી અપ્રયોજનભૂત વિષય ઉપર વજન રહે અને તેમાં અટકવાનું થાય.

(**Bb**) પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમમાં ઓળખાણનો અભાવ હોવાથી ઊંડે ઊંડે સત્પુરુષની કોઈ કોઈ પ્રવૃત્તિ પ્રત્યે સંદેહ અથવા અવિશ્વાસના પરિણામ રહે અથવા તેમની કોઈ કોઈ વાત અયોગ્ય લાગે.

(**l**) નિશ્ચય – અભેદ આત્મસ્વરૂપની રુચિનો અભાવ. જેને લીધે જ્ઞાનમાં ભેદ – પ્રભેદની રુચિ રહ્યા કરે કે જેથી ગુણભેદ, પર્યાયભેદ, અનેક પ્રકારના ન્યાયો, નયજ્ઞાન, કર્મનાં બંધ-ઉદય અને સત્તાના ભેદ – પ્રભેદોના જાણપણામાં રુચિ અને રસ રહે... – એવા પ્રકારનો અભાવ.

(**m**) અતિપરિણામીપણાનો અભાવ. અતિપરિણામીપણાને લીધે શાસ્ત્રના બાહ્ય જ્ઞાનમાં જ્ઞાનપ્રાપ્તિ મનાઈ જવી અને વિકલ્પવાળા સમાધાનથી મંદ-કષાય થવાથી જ્ઞાનથી પ્રાપ્ત લાભ મનાઈ જવો. તેમજ સમ્યક્ પરિણમનના અભાવમાં પણ પોતાને કોઈ માનાદિ આપે – તેનું ગમવાપણું તેમજ જાણપણારૂપ પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવાના ભાવ. (– આવા પ્રકારનાં ભાવોનો અભાવ.)

વળી ક્ષયોપશમજ્ઞાનમાં નિશ્ચય – વ્યવહાર વગેરે બધું સમજાય છતાં અંદરમાં માર્ગપ્રાપ્તિની વિધિ પોતાને ન પકડાય અથવા આત્મસાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી જિજ્ઞાસાનો અભાવ ન થાય. તેમજ શાસ્ત્ર સંબંધી કે દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધી કોઈ પ્રવૃત્તિ

પોતાના માનાર્થે ન કરે. તીર્થની / શાસનની કોઈ પ્રવૃત્તિમાં પોતાના માનનું લક્ષ ન રહે કે ન હોય. વિચારવાન જીવ નિંદા-પ્રશંસા અર્થે કોઈ પ્રવૃત્તિ ન કરે પરંતુ પારમાર્થિક લાભ – નુકસાન વિચારીને પ્રવૃત્તિ કરે.

બાહ્યક્રિયા સંબંધી મિથ્યા આગ્રહ ન હોય કે જેથી અસત્ અભિમાન થાય અથવા દેહાત્મબુદ્ધિ દઢ થાય. વ્રત સંયમ આદિ દૈહિકક્રિયામાં આત્માની ક્રિયા માનવાથી અસત્‌માં સત્‌ની માન્યતા થાય છે અને ગૃહીતમિથ્યાત્વનો પ્રસંગ આવે છે. – તેવી ભૂલ ન કરે. તેમજ લૌકિક માન અર્થે પણ વ્રતાદિ પાલન ન કરે.

પુણ્યના ફળ સ્વરૂપે બાહ્ય અનુકૂળતાની અભિલાષાથી પણ વ્રત-તપ ન કરે અથવા કોઈ રિદ્ધિ-સિદ્ધિ વગેરેની નિદાનબુદ્ધિ પણ ન કરે.


એકલું અધ્યાત્મ – ચિંતન એટલે કે અધ્યાત્મ વિષયનું માત્ર જાણપણું કરવા જતાં શુષ્ક અધ્યાત્મપણું ઉત્પન્ન થાય છે. તેમાં અધ્યાત્મનું ભાવભાસન હોતું નથી. માત્ર રાગ-રસ અને અધ્યાત્મ-ભાષાનો રસ (વાણીનો રસ) કે જે પુદ્‌ગલનો રસ છે અને તેમાં આત્મ રસ / જ્ઞાનરસનો અભાવ હોય છે, આ અધ્યાત્મનો વ્યામોહ છે. – તેવા પ્રકાર પણ સાચા આત્માર્થીને, સમ્યગ્દર્શન પામનારને ન હોય.

ઉપરોક્ત યોગ્યતાપૂર્વક પોતાના ભાવોનું અવલોકન થવાથી આત્મભાવ અને અન્ય ભાવોનો પરિચય થવાથી તેની જાતિ ઓળખાય છે. અને અન્યભાવોનો નિષેધ આત્મભાવના આદરપૂર્વક શરૂ થાય છે. આમ અવલોકનની ભૂમિકાનો પર્યાપ્ત પ્રયોગ થવાથી તેમાંથી ભેદજ્ઞાનના પ્રયોગની ઉત્પત્તિ થાય છે. જેમ જેમ ભેદજ્ઞાનનો પ્રયોગ સારી રીતે થતો જાય છે તેમ તેમ જ્ઞાનમાં નિર્મળતા અને સૂક્ષ્મતા પ્રાપ્ત થતી જાય છે. આ નિર્મળતા અને સૂક્ષ્મતાને કારણે જ્ઞાનોપયોગમાં રહેલો જે સૂક્ષ્મ જ્ઞાનસ્વભાવ તેનું ભાવભાસન આવે છે એટલે કે નિજસ્વરૂપનું અસ્તિત્વગ્રહણ થાય છે. એક વાર અસ્તિત્વ ગ્રહણ થવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. તે એ પ્રકારે કે આત્મસ્વરૂપ અનંત મહિમાવંત છે તેનો તેટલો અનંત મહિમા પોતાના સ્વરૂપે ભાસ્યમાન થાય છે અને અહીંથી સમ્યક્ સન્મુખ પુરુષાર્થની (ચૈતન્ય વીર્યની) સ્ફુરણા ઉત્પન્ન થાય છે. આ પુરુષાર્થ અને મહિમા દિન-પ્રતિદિન વૃદ્ધિગત થાય છે અને આત્માર્થીને તેની ધૂન ચડી જાય છે; જેના ફળ સ્વરૂપે નિર્વિકલ્પ સ્વરૂપની નિર્વિકલ્પ સ્વાનુભૂતિ ઉત્પન્ન થાય છે. આ સ્વાનુભૂતિ તે જ આત્મસાક્ષાત્કાર છે, અને તે જ સમયે મિથ્યા શ્રદ્ધા નાશ પામીને સમ્યક્ શ્રદ્ધા / સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. અને મોક્ષમાર્ગની શરૂઆત થાય છે એટલે કે શરૂઆતમાં જ અનંત જન્મ-મરણની અનંતતાનો નાશ  થઈ જાય છે જેથી અલ્પ ભવમાં જીવ મોક્ષપદને પ્રાપ્ત થાય છે.

ૐ શાંતિ

*

(શ્રી 'તત્ત્વાનુશીલન' માંથી સાભાર ઉદ્ધૃત )



## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્ર

પત્રાંક - ૩૮૪

મુંબઈ, અસાડ સુદ ૯, ૧૯૪૮

શબ્દાદિ પાંચ વિષયની પ્રાપ્તિની ઈચ્છાએ કરી જેનાં ચિત્ત અત્યંત વ્યાકુળપણે વર્તે છે એવા જીવોનું જ્યાં વિશેષપણે દેખાવું છે, એવો જે કાળ તે આ 'દુસમ કળિયુગ' નામનો કાળ છે. તેને વિષે વિહ્વળપણું જેને પરમાર્થને વિષે નથી થયું, ચિત્ત વિક્ષેપ પામ્યું નથી, સંગે કરી પ્રવર્તનભેદ પામ્યું નથી, બીજી પ્રીતિના પ્રસંગે જેનું ચિત્ત આવૃત્ત થયું નથી, બીજાં જે કારણો તેને વિષે જેનો વિશ્વાસ વર્તતો નથી, એવો જો કોઈ હોય તો તે આ કાળને વિષે 'બીજો શ્રી રામ' છે. તથાપિ જોઈને સખેદ આશ્ચર્ય વર્તે છે કે એ ગુણોના કોઈ અંશે સંપન્ન પણ અલ્પ જીવો દ્રષ્ટિગોચર થતા નથી.

નિદ્રા સિવાયનો બાકીનો જે વખત તેમાંથી એકાદ કલાક સિવાય બાકીનો વખત મન, વચન, કાયાથી ઉપાધિને જોગે વર્તે છે. ઉપાય નથી, એટલે સમ્યક્‌પરિણતિએ સંવેદન કરવું યોગ્ય છે.

મોટા આશ્ચર્યને પમાડનારાં એવાં જળ, વાયુ, ચંદ્ર, સૂર્ય, અગ્નિ આદિ પદાર્થોના જે ગુણો તે સામાન્ય પ્રકારે પણ જેમ જીવોની દ્રષ્ટિમાં આવતા નથી, અને પોતાનું જે નાનું ઘર અથવા જે કંઈ ચીજો તેને વિષે કોઈ જાતનું જાણે આશ્ચર્યકારક સ્વરૂપ દેખી અહંત્વ વર્તે છે, એ જોઈ એમ થાય છે કે લોકોને દ્રષ્ટિભ્રમ - અનાદિકાળનો - મટ્યો નથી; જેથી મટે એવો જે ઉપાય, તેને વિષે જીવનું અલ્પ પણ જ્ઞાન પ્રવર્તતું નથી; અને તેનું ઓળખાણ થયે પણ સ્વેચ્છાએ વર્તવાની જે બુદ્ધિ તે વારંવાર ઉદય પામે છે; એમ ઘણા જીવોની સ્થિતિ જોઈ આ લોક અનંતકાળ રહેવાનો છે, એમ જાણો.

નમસ્કાર પહોંચે.

*

પુદગલ રસથી નુકસાન...


સ્વરૂપપ્રાપ્તિની ભાવના અંતરથી ઉત્પન્ન થવી ઘટે અને એ ભાવના નથી તો એને પુદ્‌ગલની ભાવના છે. આત્માની ભાવના નથી તો એને સંયોગની ભાવના છે, અનાત્માની ભાવના છે અને એ ગંભીર નુકસાનનો વિષય છે. એ એને સમ્યગ્દર્શનની પૂર્વભૂમિકાની નજીક પણ નહિ આવવા દ્યે એવો વિષય છે એમ સમજીને એ વિષય ઉપરના રસને એણે સમજણથી તોડવો ઘટે છે.

–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(બહેનશ્રીના વચનામૃત-૬૧ પર પ્રવચન, અધ્યાત્મ સુધા ભાગ-૨, પાનું ૨૮૯)

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

## મંગલવાણી–સીડી–૧૫-A



પછી ઉપકાર 'ગુરુદેવ'નો કે 'ગુરુદેવ' તમે જ બધું આપ્યું છે. પોતે તો કાંઈ જાણતો નહોતો. 'ગુરુદેવે' જણાવ્યું ત્યારે જાણ્યું છે. માટે જે આત્માર્થી હોય તે બધો 'ગુરુદેવ'નો જ ઉપકાર માને છે. ભગવાનનો ઉપકાર માને છે. કારણ પોતે તો કાંઈ જાણતો નહોતો. 'ગુરુદેવે' જણાવ્યું ત્યારે જાણ્યું છે. માટે ઉપકાર 'ગુરુદેવ'નો છે પણ પોતાની તૈયારી વગર પોતે જાણી શકતો નથી.

**પ્રશ્ન :-** આપે કહ્યું માતાજી! આપે કહ્યું એમ ચિંતવનના કાળમાં તો હું જ્ઞાયક આત્મા છું એ બરાબર. ત્યાર પછી આપે કહ્યું કે પણ દરરોજ ખાતા-પીતા, હરતા-ફરતા પણ વિકલ્પાત્મકપણ એવો અભ્યાસ ચાલુ રાખવો જોઈએ. એ અભ્યાસ ચાલુ રાખવામાં વર્તમાન જ્ઞાન ઉપયોગ અને એ તરફ લઈ જવું, વળી જવું .. વારંવાર બીજા પ્રકારના રાગ કે બીજા કોઈ એવા સંયોગોમાં ઊભા હોઈએ ત્યારે આ જાણનારો હું છું એમ જ્ઞાનલક્ષણ વડે અંદરમાં જવાનો પ્રયત્ન કરવો એ સાચો પ્રયત્ન છે કે કેવળ વિકલ્પ આ જુદો જ્ઞાયક હું રહ્યો. ભાવભાસન એટલે લક્ષણપૂર્વક નથી આવતું તો .. વિકલ્પ આવી જાય. થોડા વિકલ્પો રહ્યા. પણ ખરેખરૂ જેવી રીતે આપ કહેવા માગો છે. કે જેના અભ્યાસના ફળરૂપે સહજતા આવવી જોઈએ. તો એ પ્રકારનું આપ થોડું વધારે સ્પષ્ટતા કરીને સમજાવો કે બીજું આ રીતે આ એક વિકલ્પ આવે એ આવી રીતે કરવાની વાત છે. અમે તો છીએ સામાન્ય બુદ્ધિના. એટલે આપની પાસેથી કાંઈક થોડું એવી રીતે ગ્રહણ થાય તો પ્રયત્ન ચાલુ રહે છે.

ઉત્તર :- પોતે જ્ઞાયક છે. વિકલ્પ આવે ત્યારે પણ હું જ્ઞાયક છું. એવું જ્ઞાયકને ગ્રહણ કરીને વારેવારે પોતે પોતાતરફ શ્રદ્ધાનું બળ છે પોતાતરફ એની પરિણતિને વાળે. કે ઉપયોગ બહાર જાય તોપણ એને પોતાને જ્ઞાયકને ઓળખીને કે આ જ્ઞાયક હું છું. પણ હજી એનો અભ્યાસ છે એટલે કોઈવાર એને માત્ર વિકલ્પાત્મક અભ્યાસ છે એટલે કોઈવાર એને જ્ઞાયકને ગ્રહણ કરીને એને ભાવ ગ્રહણ કરીને આવે. કોઈવાર વિકલ્પપૂર્વક આવે. તો એનો પુરુષાર્થ એકસરખો રહેતો નથી. પણ ખરું તો એ છે એને ભાવ ગ્રહણ થઈને જે આવે તે બરાબર છે. પણ એમાં એને પુરુષાર્થ કરતા કરતા કોઈ વિકલ્પમાત્ર આવે અને કોઈવાર ભાવભાસન થઈને આવે. ભાવભાસન થઈને આવે તે બરાબર છે. અંદર જ્ઞાયકની શ્રદ્ધાનું બળ છે અને તે તરફ એની પરિણતિના દોરને વાળ્યા કરે છે આ જ્ઞાયક તે હું છું. આ વિકલ્પ તે મારું સ્વરૂપ નથી. આ જ્ઞાયક તે હું છું. આ વિકલ્પમાં જોડાવું માત્ર વિકલ્પાત્મક તે મારું સ્વરૂપ નથી. હું જાણનારો જુદો છું. જુદો તે જુદો જ છું એવી જાતનો એને નિર્ણય અને નિર્ણય થયો તે પ્રમાણે એને પરિણતિને તે તરફ વાળ્યા કરે. એટલે વિકલ્પમાં જે એકત્વતા અને તન્મયતા થાય છે એ તન્મયતાથી થોડો એમાંથી છૂટો પડવાનો પ્રયત્ન કરે છે.

કોઈવાર એને માત્ર એને ગોખવા જેવું કે માત્ર વિકલ્પરૂપ કે હું જ્ઞાયક છું. એ પુરુષાર્થ કરે એમાં ફેરફાર છે.

પણ ખરું તો જ્ઞાયકને ગ્રહણ કરીને અંદર શ્રદ્ધાના બળથી અને એને વિકલ્પમાં જે આકુળતા સાધવી, આકુળતા એની મંદ પડે છે. જ્ઞાયક તરફ જાય છે તો આકુળતા મંદ પડે છે અને એટલી એને થોડી સ્થિરતા એ તરફની આવે છે. પણ એ જાતનો અભ્યાસ એનો અમુક પ્રકારનો, જિજ્ઞાસા અને લગની જેને ધગશ લાગી હોય તો એનો અભ્યાસ ચાલુ કરે, ચાલુ હોય તો એમાં એવી જાતનો ચાલુ હોય. કારણ કે અભ્યાસરૂપ છે.

(તત્વચર્ચા નો શેષ ભાગ આવતા અંકે... )

**સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સમાધિદિનના (ચૈત્ર સુદ ૫) ઉપલક્ષમાં**

**ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમ**

૧) ચૈત્ર સુદ ત્રીજ, સોમવાર (તા.૩૧-૩-૨૦૨૫)થી પાંચમ, બુધવાર (તા.૨-૪-૨૦૨૫)

સવારે : ૭.૦૦ થી ૮.૦૦ પૂ.ભાઈશ્રીનું ઑડિયો પ્રવચન

સ્થળ : 'જ્ઞાનમાત્ર' સમાધિ મંદિર, ભાવનગર

૧૦.૦૦ થી ૧૧.૩૦ મંડલ વિધાન પૂજા

સ્થળ : દિગંબર જૈન મંદિર, જુની માણેકવાડી, ભાવનગર

બપોરે : ૪.૩૦ થી ૫.૩૦ પૂ.ભાઈશ્રી ગુણાનુવાદ

સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

રાત્રિ : ૮.૦૦ થી ૯.૦૦ પૂ.ભાઈશ્રી વિડીયો પ્રવચન

સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

૨) ચૈત્ર સુદ પાંચમ, સમાધિ દિવસે પ્રાતઃકાળે ૪.૦૦ થી ૪.૩૦ વૈરાગ્ય ભક્તિ તથા શ્રદ્ધાંજલી

સ્થળ : શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

**'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮**

| | | |
|---|---|---|
| પત્રનું નામ | : | 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી). |
| પ્રકાશન સ્થળ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧. |
| પ્રકાશન અવધિ | : | માસિક |
| મુદ્રક | : | અજય ઓફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. |
| પ્રકાશકનું નામ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સંપાદકનું નામ | : | શ્રી રાજેન્દ્ર જૈન, (ભારતીય), ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સ્વામિત્વ | : | શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |

હું, રાજેન્દ્ર જૈન, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોક્ત વિવરણ સત્ય છે.

તા. ૩૧-૩-૨૦૨૫

રાજેન્દ્ર જૈન

મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી ‘માર્ગદર્શન’ સંબંધિત પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

પ્રશ્ન : ધારણા વિના અનુભવ થઈ શકે છે શું ?

ઉત્તર : ધારણા ન થાય અને અનુભવ થઈ જાય એ સવાલ જ અહીં નથી. અહીં તો કહે છે કે ધારણા થવા છતાં પણ (વગર પુરુષાર્થે) અનુભવ નથી થતો. ધારણામાં ‘હું ચૈતન્યમૂર્તિ છું’ એમ ટાંક્યું છે, તે જ સ્થળ પર જામી જાય ત્યારે અનુભવ થાય છે. (૧૮૫)

*

આ વાત સમજમાં આવવાથી ‘કરું, કરું’ નો બોજો તો હલકો થઈ જાય. પરંતુ આ ત્રિકાળી અપરિણામી ભાવનો અનુભવ થવો તે ખાસ વાત છે. તે અનુભવ કરો. (૨૦૧)

*

અપેક્ષાજ્ઞાન બરાબર હોવું જોઈએ. નહીં તો ખતવણીમાં ફેર થઈ જાય છે. કઈ અપેક્ષાએ કઈ વાત કેટલી મર્યાદા સુધી કહી છે, તેનો ખ્યાલ હોવો જોઈએ. (૨૧૦)

*

જલદી મુક્તિ જોઈએ !... તો બસ અહીં (ત્રિકાળીમાં) જ બિરાજમાન થઈ જાઓ. (૨૧૮)

*

પ્રશ્ન : (અમને આત્મામાં) સ્થિરતા કેમ થતી નથી ?

ઉત્તર : ક્ષણિક (અસ્થિર) પરિણામમાં અહંપણું છે. સ્થિર તત્ત્વને તો પકડ્યું નથી તો સ્થિરતા ક્યાંથી આવે? હું અપરિણામી સદાય સ્થિર જ છું. એવા ત્રિકાળી સ્થિર તત્ત્વમાં અહંપણું થતાં જ પરિણામમાં સ્થિરતા સહજ આવશે, સ્થિરતા વધશે અને પૂર્ણતા પણ થશે. પહેલાં હું ત્રિકાળી સ્થિરતત્ત્વ છું એવી દૃષ્ટિ થવી જોઈએ. (૨૨૧)

*

પ્રશ્ન : વસ્તુ પકડાતી નથી તો ક્યાં અટકાયત થતી હશે ? શું મહિમા નહિ આવતો હોય ?

ઉત્તર : એક સમયના પરિણામમાં અહંપણું રહે છે. બસ તે જ ભૂલ છે. મહિમા તો આવે છે, પરંતુ ઉપર ઉપરથી. વાસ્તવિક મહિમા આવી જાય ત્યારે તો છોડે જ નહિ. વસ્તુનો આશ્રય (આધાર) પકડવો જોઈએ, તેને પકડતો નથી. (૨૨૭)

*



અમ ભક્તોના તારણહાર,
જીવન આધાર
પરમ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈને
તેમની સમ્યકત્વ જયંતી
ફાગણ વદ ૧૩ (૨૭-૩-૨૫),
ના પાવન અવસરે સ્વાનુભૂતિપ્રકાશ
પરિવારના
કોટિ-કોટિ વંદન

સમ્યક્જયંતીના ઉપલક્ષમાં
પૂજ્ય ભાઈશ્રીના
મંગલ સ્વહસ્તાક્ષરોમાં
અધ્યાત્મ પરિણામોની
કેટલીક
સૂક્ષ્મ અને સુંદર વાતો !!

(અનુભવ સંજીવની-૧૫૭૧)

(1) • નિર્વિકલ્પ સ્વરૂપના અવલંબનના પુરુષાર્થમાં, ચાલતા વિકલ્પનો નિષેધ વર્તે; - અન્યત્વ ભાસે.

• પરિપૂર્ણ અંતર્મુખ સ્વભાવની ભાવના, બહિર્મુખ વૃત્તિને નિષેધે છે, બાહ્ય વૃત્તિ પ્રત્યે ઉપેક્ષા થાય છે.

• પરથી ભિન્નત્વની ભાવના, સ્વરૂપના અસંગપણાને દૃઢ કરી, (પરભાવના) અકર્તૃત્વને રોકે છે.

• સ્વરૂપ-શુદ્ધત્વને ભાવતાં પવિત્રતાનો આવિર્ભાવ થાય છે.

• પરિપૂર્ણ સુખની પ્રતીતિ, (પરપ્રત્યે) પરમ વૈરાગ્ય અને ઉદાસીનતાને ઉત્પન્ન કરે છે.

• પ્રત્યક્ષ સ્વરૂપ સંવેદન પુરુષાર્થને ઉછાળે.

• પરમ શાંત સુધામયી શાંતિ આકુળતાને દૂર કરે.

• અભેદ નિજ સ્વરૂપની વ્યાપકતા, એકાગ્રતારૂપ ધ્યાનને ઉત્પન્ન કરે.

— ૧૫૭૧.

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડૉલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન -09825155066

Printed Edition : **1270**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur pr00838 9374825041